॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com I Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● અષાઢ સુદ-૧૩ ● તા. ૨૨-૭-૨૦૨૧ ● ગુરુવાર SDP NO : 457 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

ઉદ્યોગ-ધંધા માટે અગરતલામાં છે તકોની ભરમાર : દિનેશ નાવડીયા

ચેમ્બરના નેજા હેઠળ વિવિધ ઈન્ડસ્ટ્રી પ્રતિનિધિઓની ત્રિપુરા મુલાકાતે ખોલ્યા નવી દિશાના દ્વાર

સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ દિનેશ નાવડીયા અખબારી યાદીમાં જણાવે છે કે, ચેમ્બરના નેજા હેઠળ ગત અઠવાડીયે એક બિઝનેશ ડેલીગેશન અગરતલા, ત્રિપુરાની મુલાકાતે ગયુ હતુ. સુરતની વિવિધ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ આ મુલાકાતમાં જોડાયા હતા. કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાના વિશેષ પ્રયાસો થકી ત્રિપુરા રાજ્યના મુખ્યમંત્રી બિપ્લવકુમાર દેબ અને ત્યારબાદ સરકારી અધિકારીઓ સાથે સંવાદસેતુ જોડાયો હતો અને મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્રિપુરા રાજ્ય સરકાર અને ત્યાંના અધિકારીઓ તરફથી આ મુલાકાતને ફળદાયી બનાવવા માટે ખુબજ સારો સહકાર મળ્યો હતો અને વિવિધ ઈન્ડસ્ટ્રીની મુલાકાત ગોઠવી આપવામાં આવી હતી.

ત્રણ દિવસની આ મુલાકાત દરમિયાન ડેલીગેશન ત્રિપુરાના ઈન્ડસ્ટ્રીઝ સેક્રેટરી ડો. પી. કે. ગોયલ, ઈન્ડસ્ટ્રીઝ ડાયરેકટર તરીત ચકમા, એડીશનલ પ્રિન્સીપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ પ્રવિણ અગ્રવાલ, હોર્ટીકલ્ચર એન્ડ સોઈલ કન્ઝર્વેશન ડાયરેકટર ડો. પી. બી. જમાતીયા, હેન્ડલુમ એન્ડ હેન્ડીક્રાફટ ડાયરેકટર પી. એલ. ચકમા, મેનેજિંગ ડાયરેકટર, ત્રિપુરા રીહેબીલીટેશન પ્લાન્ટેશન કોર્પોરેશન પ્રસાદ રાવ વદરાપુ, ત્રિપુરા ફોરેસ્ટ ડેવલપમેન્ટ એન્ડ પ્લાન્ટેશન સેકટરના એક્ઝિકયુટીવ ડાયરેકટર બી. દેબરામના, મેડીકલ પ્લાન્ટ બોર્ડ, ત્રિપુરાના ડી.સી.એફ વાંગડુપ ભુતીયા, ત્રિપુરા ટી–બોર્ડના ચેરમેન સંતોષ સાહા સાથે મિટીંગ કરી હતી. આ ઉપરાંત ડેલીગેશને ટી એસ્ટેટ, મેગા ફુડ પાર્ક, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, હેન્ડલુમ હેન્ડીક્રાફટ કલ્સ્ટર, બામ્બુ પ્રોસેસીંગ અને ફર્નીચર મેકીંગ યુનિટ, રબર પ્રોસેસીંગ યુનિટ, ફુડ પ્રોસેસીંગ યુનિટ, અગરવુડ પ્લાન્ટેશન, બામ્બુ વિલેજ, ટુલ રૂમ વિગેરેની પણ મુલાકાત લઈ ઈન્ડસ્ટ્રી અને તેમાં ઉપલબ્ધ વિવિધ તકોની માહિતી મેળવી હતી.

ડેલીગેશનના સભ્ય અને રીયલ એસ્ટેટ સાથે સંકળાયેલા વેલજી શેટા જણાવે છે કે, ત્રિપુરામાં અગરવુડના વૃક્ષ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે. આ વૃક્ષમાં ઈન્ફેકશન લાગતા તે એક પ્રકારના એન્ટીબોડીઝ બનાવવાનું ચાલુ કરે છે અને ૩–૪ વર્ષના સમયગાળા બાદ આ વૃક્ષને પ્રોસેસ કરી તેમાંથી ચીપ્સ અને ઓઈલ કાઢવામાં આવે છે. ચીપ્સ ધુપ તરીકે અને ઓઈલ પરફયુમમાં ઉપયોગમાં લેવામાં આવે છે. આ ઉપરાંત આ વૃક્ષનો ઉપયોગ દવામાં પણ કરી શકાય છે. હાલમાં આ ચીપ્સ અને ઓઈલનું એક્ષ્પોર્ટ બંધ છે પણ ટુંક સમયમાં સરકાર આ માટેની પોલીસી જાહેર કરશે. તદુપરાંત બામ્બુ ફર્નિચર, રબરવુડ જેવી આઈટમો રીયલ એસ્ટેટ ઈન્ડસ્ટ્રીમાં લાકડાના સારા વિકલ્પ તરીકે ઉપયોગમાં લઈ શકાય તેમ છે, જે વધુ ટકાઉ છે અને તેમાં પાણી/ઉધઈથી કોઈ સમસ્યા ઉભી થતી નથી. આ તમામ ક્ષેત્રમાં ખુબજ સારી તકો રહેલી છે.

ડેલીગેશન સભ્ય અને ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા દિપક શેટા જણાવે છે કે, ત્રિપુરા ત્રણ તરફથી બાંગ્લાદેશ બોર્ડરથી જોડાયેલું છે. બાંગ્લાદેશનું પોર્ટ ત્રિપુરા બોર્ડરથી અંદાજે ૭૦ કી.મી. દુર છે. બંને દેશો વચ્ચે કરાર થઈ ચુકયા છે અને 'મૈત્રી' બ્રિજનું કાર્ય ચાલી રહયુ છે. આ બ્રિજ બન્યા બાદ તથા ઈન્ટરનેશનલ ચેક પોસ્ટ બન્યા પછી સુરત ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રી કે જેમાં સ્ટીચીંગનું ખુબજ મોટું કામ બાંગ્લાદેશમાં થાય છે તે બંને દેશો વચ્ચે વ્યવસાયની વધુ તકો ઉપલબ્ધ થશે, જેથી કાર્ય સરળ બનશે. આ ઉપરાંત ત્રિપુરા સરકાર લોજીસ્ટીકસ પાર્ક અને સ્પેશીયલ ઈકોનીમીક ઝોનની સ્થાપના પણ કરવા જઈ રહી છે, જે ઈન્ડસ્ટ્રી માટે ખુબજ ફાયદાકારક બની રહેશે.

ડેલીગેશન સભ્ય અને ફુડ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા મનહર સાંસપરા જણાવે છે કે, ત્રિપુરામાં પાઈનેપલ, લીચી, જેકફ્રુટ જેવા ફળો ખુબજ મોટા પ્રમાણમાં થાય છે અને તેની ગુણવત્તા પણ ખુબજ સારી છે, પરંતુ ટ્રાન્સપોર્ટના વિકલ્પ મર્યાદિત હોવાથી આ ફળોનો ઉપયોગ પુરતો થઈ શકતો નથી. જો પલ્પીંગ પ્લાન્ટ, ફ્રુટ પાવડર મેકિંગ પ્લાન્ટ, કેન ફુડ પ્લાન્ટ સ્થાપવામાં આવે તો વિપુલ પ્રમાણમાં જે જથ્થો છે તેનો ખુબજ સારો ઉપયોગ થઈ શકે અને માત્ર ભારતની ફુડ ઈન્ડસ્ટ્રી જ નહીં વિદેશમાં એક્ષ્પોર્ટ પણ કરી શકાય તે માટેની તકો રહેલી છે.

ડેલીગેશન સભ્ય અને ફાર્માસ્યુટીકલ્સ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા કેતન ઝોટા જણાવે છે કે, ત્રિપુરા પહાડી પ્રદેશ છે અને જમીન ફળદ્રુપ છે. વિવિધ પ્રકારની વનસ્પતિ અહી સારા પ્રમાણમાં થાય છે, જે ફાર્મા ઈન્ડસ્ટ્રીમાં મહત્વનો ભાગ ભજવે છે. આ ઉપરાંત કોવિડ મહામારી બાદ આયુર્વેદમાં લોકોનો વિશ્વાસ વધતો જાય છે. જો 'હર્બ'નો વિસ્તૃત અભ્યાસ કરી દવામાં તેને યોગ્ય રીતે ઉપયોગ લેવાનું શરૂ કરી શકાય તો વિદેશમાંથી અમુક રો–મટીરીયલ જે આયાત કરવું પડે તે અટકી શકે તેમજ ભારતીય આર્યુવેદનો મહત્તમ ઉપયોગ કરી 'માસ પ્રોડકશન' કરી તેને નિકાસ કરી શકાય તેમ છે. સરકાર પણ આ ક્ષેત્રના વિકાસ માટે વિશેષ ધ્યાન આપે તો વૈશ્વિક સ્તરે ભારતીય આયુર્વેદની ખ્યાતિમાં વધારો કરી શકે અને દેશમાં રોજગાર વધી શકે તેમ છે.

આ ઉપરાત, સભ્યો દ્વારા ટી માર્કેટીંગ, એકઝોટિક ફ્રુટનું વાવેતર, રબરની પ્રોડકટ, હેન્ડલુમ હેન્ડીક્રાફટ તથા બામ્બુ પ્રોડકટમાં રહેલી તકો વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડીયા દ્વારા સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતના ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓને ઉપરોકત બાબતોમાં કોઈપણ પ્રકારનો રસ હોય અને વિસ્તૃત માહિતી જોઈતી હોય તો ચેમ્બર ઓફ કોમર્સનો સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જય લક્ષ્મીનારાયણ

પોતાના સ્મિતથી
દુનિયા બદલો,
દુનિયા જોઇ પોતાનું
સ્મિત ન બદલો

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન - સંસ્કારધામ
દેશલપર - કચ્છ

આજનું આચમન
તા. ૨૨.૭.૨૧,
ગુરૂવાર
અષાઢ સુદ ૧૩
વિ. સંવત ૨૦૭૭

સંસ્થા સમાચાર.....

૨૦ ઓગષ્ટના શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન ખાતે કારોબારી અને સામાન્ય સભા યોજાશે.....

અખિલ ભારતીય લક્ષ્મીનારાયણ સનાતન સમાજની વાર્ષિક સામાન્ય સભા શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન ખાતે તા. ૨૦.૮.૨૧ ના રોજ બપોર બાદ ૩.૩૦ કલાકે સંસ્થાના પ્રમુખશ્રી જેઠાભાઇ ચોપડાના અધ્યક્ષ સ્થાને યોજાશે. જેમાં વાર્ષિક આવક-જાવકના ઓડીટેડ હિસાબો, સંસ્થાની કામગીરીનો અહેવાલ, SLVP વિદ્યાલયનો અહેવાલ, અતિથિ ગૃહ નિર્માણ અંગે ચર્ચા, તેમજ આગામી ત્રણ વર્ષ માટેની કારોબારી તેમજ ટ્રસ્ટ મંડળની રચનાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

એજ દિવસે સવારે ૯.૩૦ કલાકે એજ સ્થળે સંસ્થાની કારોબારી મીટીંગ યોજાશે એવું મહામંત્રીશ્રી રતિભાઇ પોકારની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

'ભકિતસરિતા' પેનડ્રાઈવ ઘેર બેઠા મેળવો....

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન દ્વારા તૈયાર કરાયેલ ઇષ્ટદેવ લક્ષ્મીનારાયણની આરતી, લક્ષ્મીનારાયણ ચાલીસા, પરિવાર પ્રાર્થના તેમજ ૧૦૦ જેટલા ભકિત ગીતો (ભજન) ઉમિયા માતાજીના ગરબા તેમજ બાલ ગીતોની ૧૨ જેટલી CD ને એકજ પેન ડ્રાઇવમાં સંકલિત કરવામાં આવી છે. જેની કિંમત રૂા. ૩૦૦/-રાખવામા આવી છે. ઘેર બેઠા આ પેનડ્રાઇવ મેળવવા ઇચ્છતા ભાવિકે રૂા. ૫૦/-કુરિયર ચાર્જ સાથે રૂા. ૩૫૦/- નીચે જણાવેલ સંસ્થાના એકાઉન્ટમાં ભરી તેની પે સ્લીપ તેમજ પૂરૂ એડ્રસ વોટસએપમાં મોકલી અને ફોનથી જાણ કરવાથી કુરીયરમાં રવાના કરવામાં આવશે. હાલે ઉપલબ્ધતા મુબજ પેન ડ્રાઇવ મોકલવાનું ચાલું છે.

BANK OF BARODA
A/c. No. 34780100000027
Deshalpar Branch, Bhuj - Kachchh
RGTS/NEFT IFCSCODE
BARBODESALP
Akhil Bhartiya Laxminarayan Sanatan Samaj

Mo. 93273 82735, 63512 28936

ભારત સરકારે તમામ વિષયો માટે વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય ડિજિટલ લાઈબ્રેરી બનાવી છે. નીચે લિંક છે: https://ndl.iitkgp.ac.in. તેમાં 4 કરોડ 60 લાખ પુસ્તકો છે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક જાણકારી માટેની આ અમૂલ્ય સુવિધાને જાણવા અને તેનો લાભ મેળવવા માટે PIs આ માહિતી શક્ય તેટલી શેર કરો..

ગુજરાતમાં હવે ધોરણ 9થી 11ની સ્કૂલો અનલોક થશે

ધો.9થી 11 બાદ તબક્કાવાર પ્રાથમિક શિક્ષણ શરૂ કરવા પણ વિચારણા

● સ્કૂલો શરૂ કરવા અંગે બે દિવસમાં નિર્ણય થવાની શક્યતા છે

ધોરણ ૯ અને ૧૧ માં ૧૪ લાખ જેટલા વિદ્યાર્થીઓ.

હાલ ગુજરાતમાં કોરોના કાબૂમાં આવી ગયો છે . જેને પગલે શિક્ષણ પણ નોર્મલ થવા લાગ્યું છે .

ધોરણ ૧૨ ની સ્કૂલો અને કોલેજો ઓફલાઈન શરૂ કર્યા બાદ હવે ગુજરાત સરકાર દ્વારા ધોરણ ૯ થી ૧૧ માટે ઓફલાઈન શિક્ષણ શરૂ કરવા માટે વિચારણાઓ શરૂ કરવામાં આવી છે . જેમાં શિક્ષણ વિભાગમાં અલગ અલગ બેઠકો ચાલી રહી છે, જેની ચર્ચા બાદ આગામી સોમવારથી સ્કૂલો શરૂ કરવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવે તેવી શક્યતા.

બુધવારે રાજ્યમાં બકરી ઈદની જાહેર રજાને પગલે રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી નહોતી. જેથી આજે બપોરે ૧૨ કલાકે મંત્રીમંડળની બેઠક મળશે. જેમાં રૂપાણી સરકારના પાંચ વર્ષની ઉજવણી તેમજ આગામી સમાહે ધોરણ ૯ થી ૧૧ ની સ્કૂલો ઓફલાઈન શરૂ કરવા મામલે પરામર્શ કરવામાં આવશેજ.

મુખ્યમંત્રીએ જૂનાગઢના એક કાર્યક્રમ બાદ નિવેદન આપ્યું હતું કે, આગામી દિવસોમાં કેબિનેટની બેઠકમાં ચર્ચા કરી ઓફલાઈન પ્રાથમિક શિક્ષણ શરૂ કરવાનો પણ સંકેત આપ્યો છે .

ઉલ્લેખનીય છે કે , ધોરણ ૯ માં અંદાજે ૬ લાખ અને ધોરણ ૧૧ માં ૮ લાખ જેટલા વિદ્યાર્થીઓ છે .

સ્કૂલ સંચાલકોની શિક્ષણમંત્રીને રજૂઆત

ગુજરાત સરકારે કોવિડ ગાઈડલાઈન મુજબ ધોરણ -૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓને સ્કૂલમાં આવતી વખતે વાલીની સંમતિપત્ર મેળવવું ફરજિયાત કરવામાં આવ્યું છે , તેવી જ રીતે ધોરણ ૯ થી ૧૧ ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન શિક્ષણની મહત્વની જાહેરાત કરવામાં આવી શકે છે. આ સ્કૂલો શરૂ કરવાને લઈને સ્કૂલ સંચાલકો દ્વારા પણ જિલ્લા કલેક્ટરોને આવેદન આપીને રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને સ્કૂલોએ આવવાની મંજૂરી આપવી જોઈએ. આ સંદર્ભે સ્કૂલ સંચાલકોએ પણ શિક્ષણમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી.

SHRI AKHIL BHARATIYA KUTCH KADVA PATIDAR SAMAJ
(Trust Regd. No. A-828 Kutch Dt. 6-4-1965)
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ
શ્રી દક્ષિણ ગુજરાત કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
દક્ષિણ ગુજરાત ઝોન

દક્ષિણ ગુજરાત માં સમાજ ઝોન આયોજીત સમુહવિવાહ નું આયોજન

દક્ષિણ ગુજરાત ક.ક.પા.સનાતન સમાજના તમામ પરિવાર સભ્યો,

ઘટક સમાજ ના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી, દ. ગુજ. રીજીયન હોદેદારશ્રીઓ.

તમામ ને જય ભારત સહ જણાવવાનું કે શ્રી દક્ષિણ ગુજરાત ક. ક. પા. સનાતન સમાજ ની તા.૨૦/૦૨/૨૦૨૧ ને શનિવારે કડોદરા સમાજવાડી ખાતે મળેલ કારોબારી સભા માં આગામી સમૂહ લગ્ન તથા અન્ય કાર્યો માટે સર્વાનુમતે નિર્ણય લેવાયેલ છે.

શ્રી દક્ષિણ ગુજરાત ક. ક. પા. સનાતન સમાજ આયોજીત આગામી ૨૬મો સમૂહ લગ્ન સમારોહ કારતક સુદ-૧૧ સવંત-૨૦૭૮ (તુલસી વિવાહ) તા : ૧૪ / ૧૧ / ૨૦૨૧, રવિવાર ના દિવસે SUV કેમ્પસ (શ્રી સતરાવાળા ઉમા વિદ્યાપીઠ) મુ.વલથાણ જી. સુરત ખાતે આયોજન કરવાનું નક્કી કરવામાં આવેલ છે. દરેક ઘટક સમાજોએ આગામી સમૂહ લગ્ન માં જોડાવાની ઈચ્છા ધરાવનાર યુગલ ને પ્રોત્સાહિત કરી સમયસર ફોર્મ ભરી પેપર વર્ક પૂર્ણ પણે ચકાસણી કરીને ઉમા ભવન કાર્યાલય, ભટાર, સુરત ખાતે પહોંચાડવા આગ્રહભરી વિનંતી છે.

લગ્ન પ્રસંગે જન સંખ્યા તથા આયોજન બાબત આગામી આયોજનની મિટિંગનું આયોજન કરીને જે તે વખતે સરકારી ધારા ધોરણ તથા આદેશો ને અનુસરી ને નિર્ણય લેવામાં આવશે.

જેની સૌ સમાજ જનોએ નોંધ લેવા વિનંતી.

આ કાર્યક્રમ ની જાણકારી શ્રી દક્ષિણ ગુજરાત ક. ક. પા. સનાતન સમાજના દરેક સભ્યો સુધી પહોંચાડવા સૌને આગ્રહભરી વિનંતી છે .

આભાર સહ ....
લી. અમો આપના સ્નેહાધીનો...
પ્રમુખશ્રી : ભાણજીભાઈ પોકાર
મહામંત્રીશ્રી : રમેશભાઈ પારસીયા
મંત્રીશ્રી : રવજીભાઈ દિવાણી .

॥ સનાતન પરમો ધર્મ ॥

SHRI A.B.K.K.P.YUVA SAMAJ 2018-2021

ગીત ગાતા ચલ... સાથી મુસ્કરાતા ચલ...

જય લક્ષ્મીનારાયણ...

કોરોના મહામારીમાં સૌ સમાજજનોના ચહેરા પર ગીત દ્વારા સ્મિત લાવવાનો અને YSK દ્વારા આર્થિક સુરક્ષા માટેનો હકારાત્મક પ્રયાસ... એટલે...

Zoom App પર ઓનલાઈન લાઈવ પ્રસ્તુતિ...

ગીત ગાતા ચલ...
સાથી મુસ્કરાતા ચલ...

ગીત ગાતા ચલ ની અપાર સફળતા અને સ્માઈલ ના આગ્રહ થી સંગીત પ્રેમી સમાજ જન માટે લિંક ને રીઓપન કરવામાં આવી રહી છે, આ તક નો લાભ લેવા વિનંતી.

ભાગ લેવા માટે નીચે આપેલ લિંક પર ક્લિક કરી આપની માહિતી સાથે રજિસ્ટ્રેશન કરવા અનુરોધ છે.

સંગીત સંધ્યા માં ૧૨ થી ૬૦ વર્ષના YSK સંલગ્ન મિત્રો ભાગ લઈ શકશે.

સંગીત સંધ્યા રવિવાર 4 PM ના પ્રસારિત કરવામાં આવશે.

પાર્ટીશિપેન્ટ ની યાદી ડિજિટલ સનાતન ધર્મ પત્રિકા ડેલી પેપર માં પ્રસારિત કરવામાં આવશે.

હળવા નિયમો લિંકમાં રજિસ્ટ્રેશન ફોર્મ સાથે આપેલ છે.

રજીસ્ટ્રેશન માટે અંતિમ અવસર..

Registration Last Date Saturday 31.07.2021

HURRY UP

સર્વે સનાતની સંગીત પ્રેમી સમાજ જન સુધી માહિતી પહોંચાડીયે

જે પણ સંગીતપ્રેમી ફોર્મ ભરે એ ૩ થી ૪ દિવસ માં પોતાનું ગીત નીચે આપેલ નમ્બર પર મોકલે

નવીન જબૂવાણી : ૯૩૭૦૧૫૨૨૯૯
ઉમેશ રંગાણી : ૯૮૨૩૧૭૦૦૪૦

રજીસ્ટ્રેશન લિંક
https://forms.gle/zbr4mpYyKKGYd3bUA

www.jeevansparsh.com



- Corporate Club Member - **LIC OF INDIA**
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
सही सलाह हर बार...

प્રસિદ્ધ થશે.

- આઈઈટી ઈન્ડિયા સ્કોલરશિપ એવોર્ડ્સ 2021

આ સ્કોલરશિપ કોઈ પણ એઆઈસીટીઈ/યુજીસી એપ્રૂવ્ડ ઈન્સ્ટિટ્યૂશનમાં રેગ્યુલર અંડરગ્રેજ્યુએટ એન્જનિયરિંગ પ્રોગ્રામ(કોઈ પણ ફીલ્ડમાં)ના પ્રથમ, બીજા, ત્રીજા અને ચોથા વર્ષમાં ભણી રહેલા ફુલટાઈમ રેગ્યુલર સ્ટુડન્ટ્સ માટે છે. તેમણે એક પ્રયત્નમાં તમામ રેગ્યુલર ક્રેડિટ કોર્સ ક્લીયર કરેલા હોવા જોઈએ. ઉમેદવારોએ અત્યાર સુધી ક્લીયર કરેલા સેમેસ્ટરમાં 10 પોઈન્ટ સ્કેલમાં ઓછામાં ઓછા 6.5ના કુલ અથવા સમકક્ષ સીજીપીએમાં ઓછામાં ઓછા 60% સ્કોર કરેલો હોવો જોઈએ. આ ઉપરાંત ઉમેદવારોએ ધો.12 (સમકક્ષ)માં 60%થી વધુ અંક અથવા તેની સમકક્ષ ગ્રેડ મેળવવાનો રહેશે. આ સ્કોલરશિપનો ઉદ્દેશ્ય ભારતના ફ્યુચર એન્જનિયર્સ લીડર્સને ઓળખીને તેમને પોષવાનો છે.

લાભ : 5,00,000 સુધીની સ્કોલરશિપ
અંતિમ તારીખ : 15-8-2021
અરજી કેવી રીતે કરવી? : ઓનલાઈન
લિંક : www.b4s.in/divya/IET1

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્ર સ્થાનમાં ગુરુ પૂર્ણિમા મહોત્સ

લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન દેશલપર ખાતે સંસ્થાના માર્ગદર્શક સંતશ્રી સ્વામી વૃદાવનવિહારી દાસજીના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી તા. ૨૪.૭.૨૧ શનિવારના સવારે 9 થી 12 દરમિયાન કરવામાં આવશે. સવારે 9 વાગે સંતો અને સંસ્થાના હોદ્દેદારો દ્વારા સંત સ્મૃતિ મંદિરમાં બ્રહ્મલીન સંતોની ભાવવંદના કરવા બાદ ગુરુગાદી વેદ નારાયણનું પૂજન તેમજ સંતોનું પૂજન વેદમંદિરમાં કરવામાં આવશે. આ પ્રસંગે સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ભાવિકો ગુરુ ગાદીના દર્શન કરી શકશે. કોરોનાની મહામારીના કારણે આ વર્ષે સત્સંગ કે ભોજન કાર્યક્રમ રાખવામાં આવેલ નથી...

જય લક્ષ્મીનારાયણ

ભાવભીની શ્રદ્ધાંજલિ - સનાતન ધર્મ પત્રિકા.

તારીખ ૨૦/૦૭/૨૦૨૧
સ્વ. કાન્તીભાઈ જીવરાજભાઈ ભાવાણી
ઉમર : વર્ષ -૫૮, કચ્છ માં : રસલીયા, હાલે : આણંદ

સ્વ. ચારૂલતા પ્રકાશભાઈ વાસાણી
ઉ.વ.-: ૫૫, ગામ.હાલે -: વલસાડ, મૂળ ગામ -:નાની વિરાણી (ગઢશીશા)

તારીખ ૨૧/૦૭/૨૦૨૧
સ્વ. કુંવરબેન નાનજીભાઈ દિવાણી
ઉમર વર્ષ : ૧૦૧, કચ્છ ગામ : રામપર (રોહા), સ્થાનિક

પરમ કૃપાળુ પરમાત્મા સદગત ના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
શ્રીસમાજ, સનાતન ધર્મ પત્રિકા ની પ્રચાર પ્રસાર સમિતિ દ્વારા ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ....
ૐ શાંતિ શાંતિ શાંતિ